**આકાશવાણી –ભુજ**

**સમાચાર વાચક: જાગૃતિ વકીલ**

**કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર**

**તારીખ:૨૭-૦૮-૨૦૨૩ મંગળવાર સમય: સાંજે : ૬:૨૫**

## મુખ્યમંત્રી : વરસાદ સમીક્ષા બેઠક

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સમગ્ર રાજ્યમાં ભારે વરસાદને કારણે સર્જાયેલી પરિસ્થિતિમાં વહિવટી તંત્ર દ્વારા હાથ ધરાયેલી કામગીરી અને બચાવ રાહત પગલાની સમીક્ષા સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરથી વિડીયો કોન્ફરન્સ યોજીને કરી હતી.

મુખ્યમંત્રીએ જિલ્લા કલેક્ટરો અને મહાનગરોના મ્યુનિસિપલ કમિશનરો પાસેથી તેમના દ્વારા જે ત્વરિત કાર્યવાહી કરીને લોકોનું સલામત સ્થળે સ્થળાંતર, રેસ્ક્યુ, જીવન આવશ્યક પુરવઠાની ઉપ્લબ્ધિની વ્યવસ્થા, રાહત રસોડા વગેરેની તલસ્પર્શી વિગતો મેળવી હતી.

માહિતી ખાતું

---

## કચ્છ હાઈ વે-ડાયવર્ટ

મોરબી જિલ્લાના માળીયા ખાતે આવેલ મચ્છુડેમ ઓવરફ્લો થવાથી ડેમના દરવાજા ખોલવામાં આવેલ હોવાથી ઓવરફલો પાણી સામખીયારી અમદાવાદ હાઇવે રોડ ઉપર, હરીપર ખીરઈ, માળીયા મીયાણા રોડ ઉપર પાણી રોડ ઉપર ફળી વળેલું હોવાથી માળીયા હાઈવે રોડ ૩૬ કલાક સુધી ડાયવર્ઝન રાખેલ છે. જેથી કચ્છ જિલ્લામાંથી અમદાવાદ તરફ જતા તમામ વાહનના ચાલકોને અપીલ કરવામાં આવે છે કે, સામખીયાળી ચામુંડા હોટલ પરથી ડાયવર્ઝન આપેલો હોવાથી રાધનપુર પાલનપુર રોડનો ઉપયોગ કરવા પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમાર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

( બાઇટ : સાગર બાગમાર )

કચ્છ મોરબી સાંસદ વિનોદ ચાવડા દ્વારા લોકોને આ અંગે સાવચેત રહેવા અને સહયોગ આપવા અપીલ કરી છે.

## વરસાદ આર્મી ટુકડી

રાજ્યમાં ભારે વરસાદની સ્થિતિને પહોંચી વળવા કેન્દ્ર સરકારે રાજ્યને રાહત-બચાવ અને આપત્તિ વ્યવસ્થાપન માટે આર્મીની 6 કોલમ ટુકડી ફાળવી છે.આ ટુકડી વરસાદથી વધુ અસરગ્રસ્ત દેવભૂમિ દ્વારકા, આણંદ, વડોદરા, ખેડા, મોરબી અને રાજકોટ જિલ્લામાં તહેનાત કરવામાં આવી છે.

ગુજરાતમાં એક સાથે વરસાદની ત્રણ સિસ્ટમ બનતા સંકટ ઘેરાયું છે.મધ્યપ્રદેશ રાજસ્થાન વચ્ચે ડિપ્રેશન બનતા ગુજરાત અને કચ્છ પર ત્રણ સિસ્ટમ બની રહી છે જેના કારણે ગુજરાત અને કચ્છ પર ડીપ ડિપ્રેશન સર્જાય તેવી પૂરી શક્યતા છે ડીપ ડિપ્રેશનના કારણે ભારે વરસાદ અને ઘણી વધારે ગતિથી પવન ફુકાવાની શક્યતા હવામાન ખાતાએ દર્શાવી છે જ્યારે માંડવી-કંડલા બંદર પર ત્રણ નંબરનું સિગ્નલ લગાવાયું છે. માંડવી કોટેશ્વર જખો સહિતના તમામ બંદરો ના માછીમારોને સલામત સ્થળે તેમની હોડીઓ લાંગરી દેવાની સૂચના ના પગલે મોટાભાગના માછીમારો પરત આવી ગયા છે.

NP /જાગૃતિ વકીલ

## કચ્છ: વરસાદ આંકડા

સમ્રગ રાજ્ય સાથે કચ્છ જીલ્લામાં અતિભારે વરસાદ વરસી રહ્યો છે ત્યારે કચ્છ કલેકટર દ્વારા લોકોને સલામત સ્થળે રહેવા તથા નદી નાળા કે ડેમ વિસ્તાર નજીક ન જાવા અપીલ કરવા માં આવી છે તે દરમ્યાન જીલ્લા કંટ્રોલ રૂમ પર થી મળેલ માહિતી મુજબ સાંજે ૬.00 વાગ્યા સુધીમાં કચ્છ જીલ્લા ના વિવિધ તાલુકામાં વરસાદ ના આંકડા આ મુજબ છે.

અબડાસા-૫૮,મુન્દ્રા-૫૬,માંડવી-૩૬,ભુજ-૪૨,નખત્રાણા-૧૧,લખપત- ૩૨,

ભચાઉ-૩૫,રાપર-૮,અંજાર-૨૭,ગાંધીધામ-૩૧ મીલીમીટર વરસાદ પડ્યાના અહેવાલ છે.

જીલ્લા કંટ્રોલ રૂમ / જાગૃતિ વકીલ

## રાજ્ય વાહન વયવહાર : રેડ એલર્ટ

ગુજરાતમાં  તિભારે વરસાદથી મુસાફરી પર સૌથી મોટી  સર પહોંચી છે. ઠેર ઠેર પાણી ભરાતા રાજ્યના 22 સ્ટેટ હાઇવે બંધ કરવામાં આવ્યા છે. તેમજ ત્રણ ટ્રેનને  સર પહોંચી છે. રાજ્યમાં એસટી બસના 433 રૂટ રદ કરવામાં આવ્યા છે. જ્યારે 2081 ટ્રિપ રદ કરવામાં આવી છે. સૌથી વધારે પંચમહાલ, દાહોદ, મહીસાગર, આણંદ ,ખેડા, સુરત  ને વલસાડની એસટીની ટ્રિપ  ને રૂટ રદ થયા છે. ગુજરાતમાં 1 નેશનલ હાઈવે, 34 સ્ટેટ હાઈવે, 44  ન્ય, 557 પંચાયત સહિત કુલ 636 રસ્તાઓ બંધ છે. આજે ભુજ થી રવાના થનાર ટ્રેન નં.૨૦૯૨૮ ભુજ-દાદર ટ્રેન તથા ભુજ થી બ્રાન્દ્રા ટ્રેન નં ૨૨૯૫૬ પણ કેન્સલ કરવામાં આવી છે.

બ્રાન્દ્રા –ભુજ ૨૨૯૫૫, દાદર-ભુજ૨૦૯૦૭,પુને-ભુજ ૧૧૦૯૨, ભૂજ-શાલીમાર ૨૨૮૨૯ ટ્રેન ડાયવર્ટ કરવામાં આવી છે એવી જાહેરાત રેલ્વે વિભાગ દ્વારા કરવામાં આવી છે. જે બંધ રૂટ, ટ્રિપ વરસાદના પાણી ઓસરતા તેમજ માર્ગ વાહન વ્યવહારને લાયક થતા પૂર્વવત્ થશે.

 શરફ નથવાણી

---

## જળાશયો છલકાયા

રાજ્યમાં મેઘરાજાની મહેરના પરિણામે મોટાભાગના તાલુકાઓમાં છેલ્લા બે દિવસમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. વરસી રહેલા આ સાર્વત્રિક વરસાદના ભાગરૂપે ૭૬ જળાશયો સંપૂર્ણ એટલે કે ૧૦૦ ટકા જ્યારે ૪૬ જળાશયો-ડેમ ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે. આ સિવાય રાજ્યના ૨૩ ડેમ ૫૦ ટકાથી ૭૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે. જ્યારે ૩૦ ડેમ ૨૫ થી ૫૦ ટકા વચ્ચે તેમજ ૩૧ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયા છે. રાજ્યમાં ભારે વરસાદના પરિણામે સૌથી વધુ સરદાર સરોવર યોજનામાં ૩.૩૮ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૩.૮૫ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

પરેશ મારું

---